# છેલ્લા એક વર્ષથી ટાઉનહોલમાં બીએસએનએલની ઘંટડી બંધ

## બીએસએનએલના તજજ્ઞ એન્જીનિયરો, ગાંધીનગર સિવિલ સ્થિત એમ.એલ.સી. શાખા, તાલુકા પંચાયત સ્થિત અધિકારીના ટેબલ પરનો ફોન રિપેરીંગ કરી શકતા નથી : દર મહિને બીલમાં સર્વિસ પેટે હજ્જારો રૂપિયા ગ્રાહક પાસેથી ખંખેરે છે : નગરજનો પરેશાન

ગાંધીનગર, તા. ૨૪

પાટનગરમાં બી. એસ. એન. એલ.ના ધાંધિયા ઓછા થવાનું નામ લેતા નથી. ગ્રાહકો પાસેથી સર્વિસ ચાર્જ પેટે ખિસ્સા ખંખેરી લેતા તંત્ર પાસે ફરિયાદનું નિરાકરણ લાવવા માટે ફુરસદ મળતી નથી. ગાંધીનગરમાં ટાઉનહોલ, સિવિલ હોસ્પિટલ સ્થિત એમ.એલ.સી. અને તાલુકા પંચાયતમાં છેલ્લા એક વર્ષથી બી.એસ.એન.એલ.ની ઘંટડી બંધ થઈ ગઈ છે.

ભારત સંચાર નિગમ લિમિટેડ (બી.એસ.એન.એલ.) હવે બખેડા સંચાર નિગમ લિમિટેડ બની ગયું છે. ગાંધીનગર શહેરમાં આવેલ મોટાભાગની સરકારી કચેરીઓમાં બીએસએનએલના ટેલિફોન કનેક્શન છે. તદ ઉપરાંત શહેરીજનો પણ બીએસએનએલની ટેલીફોન સેવાનો ઉપયોગ કરે છે.

પરંતુ બખેડા સંચાર નિગમ લિમિટેડના બખેડા ઓછા થવાનું નામ લેતા નથી. ગ્રાહકોને સંતુષ્ટ કરી શકતી નથી. ગાંધીનગર સે. ૧૭ સ્થિત ટાઉનહોલ જ્યાં વર્ષ દરમિયાન અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો થાય છે તે ટેલીફોનની ઘંટડી એક વર્ષ કરતા પણ વધુ સમયથી રણકી શકી નથી. અનેક ફરિયાદ કરવા છતાં બીએસએનએલના કુશળ ટેકનીશ્યનો નિરાકરણ લાવી શક્યા નથી.

સિવિલ હોસ્પિટલ ગાંધીનગર સ્થિત એમ.એલ.સી. વિભાગમાં કેટલાક સમયથી ફરજ પરના પોલીસ કર્મચારીને પહેલા બીએસએનએલમાં ફોન કરવો પડે છે. ત્યારબાદ કર્મચારી ફોન ટ્રાન્સફર કરી આપે છે. આ સમસ્યાથી ખુદ એમ.એલ.સી. વિભાગમાં ફરજ બજાવતા કર્મચારી કંટાડી ગયા છે. બે મિનિટની વાત કરવા માટે દસ મિનિટનો સમય નીકળી જાય છે.

ગાંધીનગર તાલુકા પંચાયત ઓફિસમાં એક અધિકારીના ટેબલની ઘંટડી છેલ્લા એક મહિનાથી રણકી શકી નથી. અધિકારીએ બીએસએનએલમાં કમ્પેલીન લખાવી જે ટેકનીશ્યન રિપેરીંગ કરી જાય તે પહેલા જ ગત-૧૭ માર્ચના રોજ પ્રોબ્લેમ સોલના મેસેજ મોકલી દેવામાં આવે છે. અને કમ્પલેઈન ક્લોઝ કરી દેવામાં આવે છે.

આ સમસ્યાના સમાધઆન માટે અનેક વખત ફરિયાદ કરવામાં આવી હોવા છતાં બીએસએનએલના કહેવાતા એન્જીનિયરો નિરાકરણ લાવી શકતા નથી. ત્યારે શહેરની મુખ્ય ઓફિસો જ્યા ટેલીફોન વિના કાર્ય શક્ય નથી. તેવી જગ્યાના ફોન બંધ રહે છે તો સામાન્ય નાગરિકોની કેવી હાલત થતી હશે તે આના ઉપરથી ફલિત થાય છે.

બીએસએનએલ દ્વારા બીલમાં દર વખતે સર્વિસ ચાર્જ પેટે ગ્રાહકોના ખિસ્સા ખંખેરવામાં આવે છે. ક્યારેક વખતે ફોન બંધ હોવા છતાં રૂટીન બિલ આવવાની ઘટનાઓ પણ સામે આવી છે. ત્યારે જો બીએસએનએલ આગળના સમયમાં આવુ જ કાર્ય કરતી રહેશે તો ખંભાતી તાળા જરૂરથી લટકશે !!!

# ઘ-૭ના સર્કલે અજાણ્યા વાહનચાલકે બે ફિકરાઈથી માર્ગને કરેલુ નુકશાન

## તાજેતરમાં જ કરેલુ પેવર ઉખડી ગયુ, કરોડોના ખર્ચે બનતા માર્ગોની થતી દુર્દશા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના તમામ માર્ગો પાટનગરની અલગ ઓળખ બન્યા છે. અને આ માર્ગોની જાળવણી પણ વખતો વખત તંત્ર દ્વારા કરાય છે. જેથી નગરજનો માર્ગો પ્રત્યે રાજ્યભરમાં ગૌરવ લઈ રહ્યા છે. પરંતુ કેટલાક વાહનચાલકો બેદરકારીથી વાહન ચલાવી માર્ગોને નગરમાં આવેલા ઘ-૭ સર્કલે એક અજાણ્યા વાહનચાલકે પોતાના વાહન થકી માર્ગનું પેવર ઉખાડી નાખી માર્ગને કદરૂપો બનાવી દીધો છે. પ્રેસ તરફથી આવતા વાહનચાલકે સતત પેવર ઉખાડતુ વાહન ચલાવી સર્કલની ફરતે પેવર ઉખાડી નાખી માર્ગને ભારે નુકસાન પહોંચાડ્યું છે. ઉખડી ગયેલા પેવર પછી સતત ધમધમતા વાહનોથી



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

નુકસાન પહોંચાડી રહ્યા છે. જેમાં નગરના આકર્ષક ઘ-૭ સર્કલે કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી ચલાવીને તાજેતરમાં જ મજબૂત બનાવેલુ પેવર ઉખાડી નાખી માર્ગને બેડોળ બનાવી દીધો છે. તંત્રની મહેનત અને પ્રજાના નાણાંનો ઉપયોગ કરી વાહનો માટે યોગ્ય બનાવાયેલા આ માર્ગોની દુર્દશાથી નગરજનોમાં રોષ ફેલાયો છે. અને આવા વાહનચાલકો પાસેથી ખર્ચ વસુલવા માંગ કરી છે.

ગાંધીનગરના તમામ માર્ગો મોકળાશવાળા અને પદ્ધતિસરના બનાવાયેલા છે, જેથી સૌથી ઓછા અકસ્માત આ માર્ગો ઉપર બને છે. તેમજ તંત્ર પણ આ માર્ગોનું સમારકામ અને જરૂરી ફેરફાર કરી વાહનચાલકોને અનુકુળ બને તેવા સમયાંતરે પ્રયાસો કરે જ છે. પરંતુ કેટલાક વાહનચાલકો માર્ગોનું અવમુલ્યન કરી માર્ગોને નુકસાન પહોચાડી રહ્યા છે. આ માર્ગ વધુ તુટી જશે તેવી દહેશત પણ વ્યક્ત થઈ રહી છે. વધુમાં આ તુટેલા માર્ગથી અકસ્માતની સંભાવનાઓ પણ વધી ગઈ છે.

આ સર્કલે ટ્રાફીક પોલીસનો પોઈન્ટ પણ આવેલો છે. છતાં પણ બનેલી આ ઘટનાથી વાહનચાલકો વિચલિત થઈ ઉઠ્યા છે. બે ફિકરાઈથી ચલાવતા આવા વાહનચાલકો પાસેથી માર્ગના નુકસાનનો ખર્ચ વસુલવા પણ નગરજનોમાં માંગ ઉઠી છે. પેટનું પાણી પણ ન હલે તેવુ બેલેન્સ કરી બનાવાયેલો માર્ગ હાલ તો આ પેવર ઉખડી જવાથી ખાડાખૈયા જેવો બની ગયો છે. કલ્પતરૂ સર્કલ ઉપર જો સીસીટીવી કેમેરા લગાવાયેલા હોય તો આ વાહનચાલકની ઓળખ થઈ શકે તેમ છે. બીજુ કે કદાચ વાહન ખોટકાવાથી આ બન્યુ હોય તો તાત્કાલિક ત્યાં અટકી જવાથી વધારે નુકસાન ન થયું હોત.

# વાસણ મહાદેવ અને કોલવડામાં જુગારના દરોડા : ૯ની ધરપકડ

## વાસણ મહાદેવમાંથી ત્રણ અને કોલવડામાંથી છ જુગારીઓ મળી રૂ. ૨૦,૩૬૦ના મુદ્દામાલ સાથે ૯ પકડાયા

ગાંધીનગર, તા.૨૪

પેથાપુર પોલીસે આજે કોલવડા ગામ અને વાસણ મહાદેવ ગામમાં જુગાર રમાતો હોવાની બાતમીને આધારે બંને સ્થળોએ દરોડા પાડી ૯ શકુનીઓની રૂ. ૨૦,૩૬૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી આરંભી છે. કોલવડામાંથી છ શખ્સો અને વાસણ મહાદેવ ગામમાંથી ત્રણ શખ્સો જુગાર રમતા રંગે હાથ ઝડપાયા હતાં.

પેથાપુર પીએસઆઈ વાળાને બાતમી મળી હતી કે વાસણ મહાદેવ ગામમાં હનુમાન મંદિર પાસે બાવળની ઝાડીઓમાં જુગાર રમાઈ રહ્યો છે જેને આધારે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડી ત્રણ શકુનીઓને પકડી પાડયા છે. વાસના વચલા વાસમાં રહેતા જુજારસિંહ તખતસિંહ ચાવડા, શેતાનજી નાથુજી ચાવડા અને વાસણના વેરાઈ વાસમાં રહેતા ભરત અરજણજી વાઘેલાની રૂ. ૧૨,૮૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે. તે ઉપરાંત કોલવડાનાં ચામુંડા પરા વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમીને આધારે દરોડો પાડીને પોલીસે દશરથ જવાન ઠાકોર, સુરેન્દ્ર ઉર્ફે શંભુ બહાદુર વાઘેલા, દિગ્વિજય ઉર્ફે દીગો પ્રભાતસિંહ વાઘેલા, રમેશ લાલજી અસારી, ભુપત મણાજી ઠાકોર અને ટીના રામાજી વાઘેલા મળી છ શખ્સોની રોકડ રૂ. ૫૦૧૦ તથા ૪ મોબાઈલ મળી રૂ. ૭૫૧૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પત્નિ અને સાસુ-સસરાના ત્રાસથી કંટાળી ફૌજીનાં માતા-પિતાએ આપઘાત કર્યો હતો

## સ્યુસાઈડ નોટ લખીને વૃદ્ધ દંપતિએ આર્મી કેમ્પમાં ગળે ફાંસો ખાધો હતો : ત્રણ સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આર્મી કેમ્પમાં રહેતા ફૌજીના માતા-પિતાએ સોમવારે પોતાના ઘરે જ સ્યુસાઈડ નોટ લખીને પંખે લટકી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનામાં મૃતક વૃદ્ધ દંપતિનાં ફૌજી દિકરાની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે તેની પત્નિ અને સાસુ-સસરા સામે ગુનો દાખલ કરી ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ આર્મી કેમ્પમાં રહેતા સૌરભભાઈ જોગીન્દરસિંગ ઠાકુરનાં પિતા અને માતાએ સોમવારે બપોરનાં અરસામાં ઘરે ગળે ફાંસો ખાઈ લીધો હતો. દિકરો સૌરભ દરવાજો તોડીને ઘરમાં ગયો અને માતા-પિતાને લટકતી હાલતમાં જોઈને સ્તબ્ધ થઈ ગયો હતો. ચિલોડા પોલીસને જાણ કરીને બોલાવતા પીએસઆઈ શેફાલી મકવાણાએ તપાસ શરુ કરી હતી. ઘટના સ્થળેથી મળી આવેલી સ્યુસાઈડ નોટ અને ફૌજી દિકરા સૌરભની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે માતા પિતાના આપઘાત પાછળ દિકરા સૌરભની પત્નિ અને સાસુ-સસરાનું દુષ્પ્રેરણ હોવા અંગે ગુનો દાખલ કર્યો છે. ચિલોડા પોલીસે સૌરભ ઠાકુરની પત્નિ નિધી રમેશભાઈ યાદવ, સસરા રમેશભાઈ યાદવ અને સાસુ મુકેશાદેવી યાદવ સામે આપઘાતના દુષ્પ્રેરણ બદલ ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# ગુજરાત સ્થાપના દિનના બીજા જ દિવસે પોલીસ બોર્ડની પરીક્ષાથી પોલીસકર્મી ઉમેદવારો અટવાયા

## ૧લી મેએ વ્યારામાં ઉજવણીનો બંદોબસ્ત પતાવી બીજા દિવસે પરીક્ષા માટે અમદાવાદ કેવી રીતે પહોંચાશે ? છેલ્લાં ત્રણ માસથી કપાત રજાએ વ્યાજે પૈસા લઈ ભરેલ ક્લાસીસની ફી માથે પડશે : મહિલા કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં સામેલ થવાના હોઈ પરીક્ષાની તારીખ બદલવા માંગ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત રાજ્યના પોલીસદળમાં ખાલી પડેલી જગ્યાઓ અંગે પોલીસ ભરતી બોર્ડ દ્વારા ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે, તે અંતર્ગત તા. ૨જી, ૩જી અને ૪થી મે એ અમદાવાદ ખાતે પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા કોન્સ્ટેબલ, પીએસઆઈ અને એએસઆઈની જગ્યાઓ માટે લેવાશે. આ જગ્યાઓ માટે પોલીસદળમાં કાર્યરત પોલીસ કર્મીઓએ પણ અરજી કરેલ છે. તેમને પરીક્ષાની આ તારીખો જાહેર કરાતા ભારે મુશ્કેલીજનક પરિસ્થિતિ ઉભી થવા પામી છે. કારણ કે તા. ૧લી મે એ ગુજરાત સ્થાપના દિનની ઉજવણીમાં વ્યારા ખાતે વ્યસ્ત આ કર્મીઓ બીજા દિવસે પરીક્ષા આપવા કેવી રીતે પહોંચી શકશે ? આ કર્મીઓમાં મોટા પ્રમાણમાં મહિલા ઉમેદવારો પણ સામેલ છે. જેમને સ્થાપના દિનની પરેડ અને બંદોબસ્ત માટે એક સપ્તાહ અગાઉ વ્યારા પહોંચવાનું ફરમાન કરી દેવાયું છે.

રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા તા. ૧લી મેએ ગુજરાત સ્થાપના દિનની વ્યારા ખાતે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના બીજા જ દિવસે પોલીસ ભર્તી બોર્ડ પરીક્ષા યોજી દીધી છે. પોલીસ ભર્તી બોર્ડ દ્વારા કોન્સ્ટેબલ, પોલીસ સબ ઈન્સપેકટર અને આસી. સબ ઈન્સ્બેકટરની ખાલી પડેલ જગ્યા માટે યોજવામાં આવી રહી છે. આ જગ્યાઓ માટે પોલીસ ખાતા ઘણા કર્મચારીઓએ પણ અરજી કરેલ છે. જેમાં ૩૩ ટકા અનામતના લીધે મહિલા પોલીસ કર્મીઓનો પણ મોટા પ્રમાણમાં સમાવેશ થાય છે. છેલ્લા ત્રણ માસથી પરીક્ષા માટે તનતોડ તૈયારીઓ કરતી આ મહિલા કર્મીઓ માટે પરીક્ષાની તારીખ આફતજનક પુરવાર થવા પામી રહી છે.

● અનુસંધાન પાના - ૭ પર

# ભાટ પાસે નદીમાંથી વાવોલ ગામના યુવાનનો મૃતદેહ મળ્યો

## ૧૯ વર્ષિય યુવાન ઘરેથી બે દિવસથી લાપત્તા હતો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક સ્થિત વાવોલ ગામમાં જલદર્શન એપાર્ટમેન્ટમાં રહેતો ૧૯ વર્ષિય યુવાન ૨૧ એપ્રીલ સાંજથી ઘરેથી લાપત્તા હતો. બે દિવસ બાદ ગઈકાલે સાંજે ભાટ નદીમાંથી યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ઈન્ફોસિટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

વાવોલ ગામના તળાવ સામે સ્થિત જલદર્શન એપાર્ટમેન્ટમાં રહેતો ૧૯ વર્ષિય યુવાન અભિષેક ઉર્ફે અભિ ઉર્ફે શિવાંગ જીતેન્દ્રકુમાર મિસ્ત્રી ૨૧ એપ્રિલે સાંજે ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ચાલ્યો ગયો હતો. ત્યાંરથી લાપત્તા અભિની શોધખોળ પરિવારજનો કરી રહ્યા હતા. પરંતુ તેની ક્યાંયથી ભાળ મળી ન હતી. દરમ્યાન ગઈકાલે ૨૩ એપ્રિલે સમી સાંજે નાના ચિલોડાથી ટોલટેક્ષ માર્ગ આગળ મહાદેવના મંદિર પાસે બ્રિજ નીચે સાબરમતી નદીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. સોલા ભાગવતના સંજયભાઈ જોષીએ પોલીસને મૃતદેહ અંગે જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# જીટીયુ ખાતે આજથી બે દિનનું ગુડ ગવર્નન્સ સેમિનાર યોજાશે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) ખાતે આવતીકાલેથી ગુડ ગવર્નન્સ વિષય ઉપર સેમીનારનું આયોજન કરવામા આવ્યું છે. આ બે દિવસીય કાર્યક્રમમાં ગુડ ગવર્નન્સ વિષયને કેન્દ્રમાં રાખીને વિવિધ વિષય નિષ્ણાંત દ્વારા પોતાના વિચારો રજૂ કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાતમાં ટેકનિકલ અભ્યાસક્રમોનું સંચાલન કરતી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્તીઓના સર્વાન્ગી વિકાસ માટે શિક્ષણોત્તર પ્રવૃતિઓ ઉપર પણ ખાસ ભાર મુકવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વિવિધ ટ્રેનીંગ કેમ્પ તેમજ સેમિનારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓને ટેકનીકલ જ્ઞાનની સાથે સાથે દેશના સંચાલન અને માળખા સંબધી જ્ઞાન પણ મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે જીટીયુ સાથે જીટીયુ દ્વારા ચાંદખેડા સ્થિત કેમ્પસમાં ગુડ ગવર્નન્સ વિષય ઉપર સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલથી શરૂ થતો આ સેમીનાર બે દિવસ સુધી ચાલશે જેમાં ગુગ ગવર્નન્સ વિષયને કેન્દ્રમાં રાખીને વિવિધ વિષય નિષ્ણાંતો પોતાના વિચારો રજૂ કરશે.

આ સેમીનારમાં ગુજરાત અને દેશભરના ખ્યાતનામ ગુડ ગવર્નન્સ વિષયના નિષ્ણાંતો ભાગ લેશે જ્યારે જીટીયુ સલ્ગન વિવિધ એન્જિન્યરીંગ અને ફાર્મસી કોલેજનાં વિદ્યાર્થીઓ-અધ્યાપકો પણ આ સેમીનારમાં હાજર રહશે. આ સેમીનારનો લાભ વધુમાં વધુ વિદ્યાર્થીઓને મળે તેવી વ્યવસ્થા જીટીયુના સંચાલકો દ્વારા કરવામાં આવી છે.

# ગાંધી મિત્ર વર્તુળની બેઠક સોમવારે મળશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની એપ્રિલ માસની માસિક બેઠક ખાસ સંજોગોમાં આગામી તા. ૨૭ એપ્રિલ સોમવારના રોજ ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ગાંધીનગર ખાતે સાંજે ૫-૦૦ વાગે યોજાશે. બેઠકમાં સંસ્થાના વાર્ષિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

# શહેરમાં ૩૫ કિ.મી. અંતર કાપી ભગવાન જગન્નાથજીના રથને દોરતા સેવકોનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

પાટનગરમાં ૧૯૮૫થી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું પરિભ્રમણ કરવામાં આવી રહ્યું છે. રથયાત્રા શહેરના સેકટરોમાં ફરી ૩૫ કિલોમીટરનું અંતર કાપે છે. રથને દોરતા સેવકોનું મારૂતિ પરિવાર દ્વારા સન્માન કરવામાં આવશે.

સેકટર-૨૨ પંચદેવ મંદિરના મહંત ફુલશંકર શાસ્ત્રીજીની ઉપસ્થિતિમાં આજ રોજ શનિવાર સાંજે ૭.૦૦ વાગે સ્વસ્તિક સોસાયટી સેકટર-૨૧ ખાતે રથને દોરતા અને નિવૃત્તિના આરે ઉભેલા સેવકોનું સન્માન કરવામાં આવશે.

મારૂતિ પરિવાર દ્વારા તમામ સેવકોનું સન્માન કરવામાં આવશે. છેલ્લા ૩૦ વર્ષથી નગરમાં રથને દોરતાં સેવકો વયોવૃધ્ધ થવા આવ્યા છે. આજના હાઈટેક યુગમાં ૩૫ કિલોમીટરનું અંતર કાપી નગરજનોને દર્શન કરાવે છે. તેવા ભકતોના સન્માન સમારોહમાં સર્વે ભકતજનો અને સેવકોને ઉપસ્થિત રહેવા ટ્રસ્ટીએ જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૩
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૨૧ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**

ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૪ :**

એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**

મિ. એક્સ : ૩.૩૦, ૧૦.૦૦
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૦૦

**સ્ક્રીન-૩ :**

મિ. એક્સ : ૧૨.૪૫, ૬.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૩.૪૫, ૯.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦
લીલા : ૪.૦૦, ૧૦.૧૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

મિ. એક્સ : ૧૦.૦૦
લીલા : ૧૨.૪૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૩.૩૦, ૧૦.૦૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫
એન. એસ. ૮ : ૫.૩૦, ૭.૩૦

## આપની આજ

**મેષ** : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : આજે કાર્ય સફળતા માટે વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. સામાજિકક્ષેત્રે ધારી સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. મિત્રોના સહયોગથી અટકેલા કાર્યો આજે પૂર્ણ થઈ શકે છે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો માટે યાત્રા થઈ શકે છે. કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : શોધથી કાર્યક્ષેત્રમાં પ્રાપ્તિ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ સંબંધી રુચિ જાગૃત થશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થશે.

**કન્યા** : ભૂમિ-સંપત્તિનાસોદામાં લાભ થવાની સંભાવના છે. યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : પ્રયત્ન જરૂરી છે. કાર્યમી ગતિ ઉત્તમ રહેશે. ધન-સંપત્તિનાં મામલા ઉકેલાશે. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : કુટુંબીજનો સાથે પ્રવાસ થઈ શકે છે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. મિત્રોના સહકારથી સમસ્યાનું સમાધાન મળી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

## ચિરવિદાય

- સ્વ. યજ્ઞેશભાઈ પોપટસિંહ ચુડાસમા (ઉ.વ.૪૦) પ્લોટ નં. ૫૮૧/એ-૨, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. અભિષેક જીતેન્દ્રકુમાર મિસ્ત્રી, બી-૨૧, જલદર્શન, એપાર્ટમેન્ટ, વાવોલ, તા.જી. ગાંધીનગર